લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનાં બાળકોને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. કેજી-૧ અને કેજી-૨ની વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયા પછી નાનાં ભૂલકાઓને પરીક્ષાના માહોલમાંથી હળવા કરવા માટે શાળા પરિવાર દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ આ મુલાકાત દરમિયાન વિવિધ પ્રાણીઓ, પક્ષીઓને પ્રત્યક્ષ નિહાળ્યાં હતાં, તેમના અંગે વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી અને ડાયનાસોર પાર્કની પણ મુલાકાત લીધી હતી.

વોટર લિસ્ટમાં નવા વોટર્સનાં નામ ઉમેરવામાં અમદાવાદનો વર્લ્ડ રેકર્ડ

અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી, અમદાવાદ કલેક્ટર વિક્રાંત પાંડે, રેડિયો સીટી ૯૧.૧ અને ગુજરાત યુનિવર્સિટીના સહિયારા પ્રયાસ દ્વારા ૧૮-૧૯ વર્ષના ૭૫૦૦ યુવા મતદારોના નામ વોટર લિસ્ટમાં ઉમેરવા માટે અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે બાદ આ પ્રયાસને લંડનની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના દિવ્ય ત્રિવેદીના હસ્તે વિક્રાંત પાંડે, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર શ્રી હિમાંશુ પંડ્યા અને રેડિયો સિટીના આરજે હર્ષિલને આ વિશ્વવિક્રમ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના અગ્રણી અશ્વિનભાઈ ત્રિવેદી, સંતોષ શુક્લ, દિવાકર શુક્લ અને વિક્રાંત પાંડે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજકેટ ૨૬મી એપ્રિલે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યની ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ફાર્મસી તથા ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે યોજાનારી ગુજકેટ માટે ૧.૩૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. બોર્ડ દ્વારા ગુજકેટ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે અને હવે ટૂંક સમયમાં વિદ્યાર્થીઓને હોલ ટિકિટ ઓનલાઈન આપવામાં આવશે. ૨૬ એપ્રિલના રોજ ગુજકેટ ૧૦ વાગ્યેથી લઈને ૪ વાગ્યા દરમિયાન યોજાશે. આ વખતે પણ ગુજકેટ આપનારા બી ગ્રૂપના વિદ્યાર્થીઓ વધુ છે. આ વર્ષે ગુજકેટની તારીખ ચાર વાર બદલાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજેકટ ૨૬ એપ્રિલના રોજ લેવાશે. ગુજકેટ માટે કુલ ૧૩૪૮૪૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં એ ગ્રૂપના ૫૬૯૧૩, બી ગ્રૂપના ૭૭૪૭૮ અને એબી ગ્રૂપના ૪૫૫ વિદ્યાર્થીઓ છે. ગુજકેટ ડિગ્રી એન્જિનિયરિંગ ઉપરાંત ડિગ્રી ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસી માટે લેવાશે. ગુજકેટ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ થયા બાદ હવે બોર્ડ દ્વારા હોલ ટિકિટ તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. જેથી ટૂંક સમયમાં બોર્ડ વેબસાઈટ પર ગુજકેટની હોલ ટિકિટ મૂકાશે.ગુજકેટમાં સવારે ૧૦થી લઈને ૧૨ સુધી ફિઝિક્સ અને કેમિસ્ટ્રીનું સંયુક્ત પેપર પૂછાશે. ત્યારબાદ એક કલાકનો બ્રેક આપવામાં આવશે. બપોરે ૧ વાગ્યાથી ૨ વાગ્યા દરમિયાન બાયોલોજીનું પેપર પૂછાશે અને ફરી એક કલાકનો બ્રેક અપાશે. ત્યારબાદ બપોરના ૩ વાગ્યાથી ૪ વાગ્યા દરમિયાન ગણિતની પરીક્ષા લેવામાં આવશે. ગુજકેટ જિલ્લા મથકો પર લેવાનું આયોજન કરાયું છે.

બોર્ડ દ્વારા ગુજકેટની તારીખમાં ચાર વાર ફેરફાર કરાયો છે. અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ બાદ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની પરીક્ષાના કાર્યક્રમને લઈને બે વાર ફેરફાર કરાયો હતો. છેલ્લે ૨૩ એપ્રિલે ગુજકેટ લેવાનું નક્કી કરાયું હતું. પરંતુ ગુજરાતમાં ૨૩ એપ્રિલે લોકસભાની ચૂંટણીનું મતદાન થવાનું હોવાથી બોર્ડને ફરીવાર ગુજકેટની તારીખમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી. હવે, રાજ્યમાં ૨૬ એપ્રિલના રોજ ગુજકેટ લેવાશે.

સી એમ હાઈસ્કૂલ દ્વારા આજે કારકિર્દી માર્ગદર્શન પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૨

શેઠ સી એમ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અને જેઈઈ-નીટ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા નગરના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે તા. ૧૩મી એપ્રિલના રોજ સવારે ૮.૩૦ કલાકે કારકિર્દી માર્ગદર્શન અને જેઈઈ-નીટ માર્ગદર્શન પરિસંવાદનું આયોજન સ્કૂલ ખાતે કરવામાં આવ્યું છે. સૌ વિદ્યાર્થીઓ તથા વાલીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સ્કૂલ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જન્મદિને વધામણી

પંકજ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
અને શિવરંજની
મો. ૯૯૨૫૪ ૬૦૪૬૦

જિજ્ઞાસા સુકેતુ મહેતા
મો. ૭૬૦૦૦ ૩૨૪૯૦

નિખિલ બાલકૃષ્ણ જોષી

અજય અંબાલાલ પ્રજાપતિ
મો. ૮૧૪૧૩ ૬૮૪૪૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

નવરાત્રીમાં બાળકો-વૃદ્ધો માટે સેવાકાર્યો

ચૈત્રી નવરાત્રીમાં દાન-પુણ્યના મહિમાને સ્વીકારીને શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પાંચમના દિવસે ગોઢ મુકામે ૮૧ વૃદ્ધ બહેનોને ૩ કિગ્રા ચોખા, ચ્હા તથા સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સદ્રેશ્વર તથા ભેટાલીમાં કુલ ૪૨ લાભાર્થીઓને આ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ગોઢ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ટોપી, સાબુ, પેન્સિલ, રબર અને રમતનાં સાધનો આપવામાં આવ્યાં હતાં. ભેટાલી આશ્રમ શાળાના વિદ્યાર્થીઓને નાસ્તો કરવામમાં આવ્યો અને તેમને પણ બિસ્કીટ, પેન્સિલ, રબર, પેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આશ્રમ શાળામાં અભ્યાસ કરતી બાલિકાઓ માટે ૨૮ નંગ ટોવેલનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

સંસ્થા તરફથી આ સેવાકાર્યોમાં માધવભાઈ, ભીમજીભાઈ તથા મિલિન્દભાઈ જોડાયા હતા.

સોફ્ટવેર ડેવલોપર બનવા શું કરવું ?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : **facebook.com/questions.careercorner** પર...

૧. હું ૧૨ સાયન્સ માં અભ્યાસ કરું છું. સોફ્ટવેર ડેવલોપર બનવા શું કરવું?

- સંજય ચૌધરી ,ગાંધીનગર

સંજય, સૌપ્રથમ તો આપે સૉફ્ટવેર ડેવલોપર એ એન્જિનિયરના અનેક ક્ષેત્ર માનું એક છે. માટે સૉફ્ટવેર ડેવલોપર બનવા માટે આપે ૧૨ સાયન્સ પછી કોમ્પ્યુટર અથવા આઈ.ટી એન્જિનિયર નો કોર્સ કરવો જરૂરી છે. એ સિવાય આપ બી.સી.એ અને પછી એમ.સી.એ પણ કરી શકો છો. ત્યાર બાદ પણ આ ક્ષેત્રમાં અનેક વિભાગ હોય છે જેમ કે સૉફ્ટવેર ડિઝાઇનર,સૉફ્ટવેર પ્રોગ્રામર, ડેવલોપર,હાર્ડવેર એંજિનિયર, ક્વોલિટી મેનેજર વગેરે. આપ સૉફ્ટવેર ડેવલોપર તરીકે કારદિર્દી બનાવવા માંગો છો તો સૌપ્રથમ તો આપે વિવિધ પ્રોગ્રામ અને અલ્ગોરિધમ વિશે ઊંડાણ પૂર્વક અભ્યાસ જરૂરી બની રહેશે. એ માટે વિવિધ પ્રોગ્રામિંગ ભાષા નો ઉપયોગ થાય છે જેમ કે જાવા, પીએચપી, ડોટ નેટ,પાઈથન,સી પ્લસ પ્લસ વગેરે. આપ આ બધા માંથી કોઈ એક ભાષા પર પોતાનું પ્રભુત્વ જમાવી ને એના ઉપર સંશોધન કરીને નવા નવા સૉફ્ટવેર અને વેબસાઇટ તૈયાર કરી શકો છો.એ માટે આપે વિવિધ અલ્ગોરિધમ અને કોડિંગ ઉપર પણ કામ કરવાનું થાય છે.બની શકે કે પ્રથમ પ્રયત્ને આપ સફળતા પ્રાપ્તના પણ કરી શકો પણ વધુ માં વધુ કોડિંગ ની પ્રેક્ટિસ કરી અને અલ્ગોરિધમ નો અભ્યાસ કરી આપ એક ચોક્કસ સારા ડેવલોપર બની શકો છો.એક સારી કોલેજમાંથી જો તમે એંજિનિયર નો કોર્સ કરી આગળ વધો છો તો ચોકકસ પણે આપને એક રાષ્ટ્રીય કક્ષા ની આઈ.ટી સંસ્થા માં અથવા વિદેશમાં પણ સારી જોબ મેળવી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૨. હું ૧૧ કોમર્સમાં અભ્યાસ કરું છું. હુ આઇ.આઇ.એમ.માં એડ્મીશન કઇ રીતે મેળવી શકું ?

- માનવ દોશી, કલોલ

સૌપ્રથમ તો આપને અભિનંદન કે આપને અત્યારથીજ

આપનો ધ્યેય ખ્યાલ છે અને આપ ધ્યેયને હાંસિલ કરવા પ્રયત્નશીલ છો. આપનો ધ્યેય ઘણો ઊંચો પણ છે અને એ સારી વાત છે. હવે આપના સવાલની વાત કરીએ તો આપ આઈ.આઈ.એમ.માં એડ્મીશન લેવા માંગો છો તો આપ ૧૨૨ પૂરું કરીને અથવા તો ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી આઈ.આઈ.એમ.માં એડ્મીશન મેળવી શકો છો. જો આપ ૧૨૨ પછી એમ.બી.એ કરવું હોય તો આપ આઈ. આઈ. એમ. -આઈ. પી. એમ. એટલે કે ઈન્ટેગ્રેટેડ પ્રોગ્રામિંગ ઈન મેનેજમેંટ નામની પ્રવેશ પરીક્ષા આપી, આઈ.આઈ.એમ.માં એડમિશન મેળવી શકો છો. આપને જણાવી દઈએ કે ૧૨૨ પછી આ પાંચ વર્ષનો કોર્ષ કરાવતી એક માત્ર આઈ.આઈ.એમ. છે અને તે ઈન્દોર સ્થિત છે. આ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત અને અંગ્રેજી ના પ્રશ્નો પૂછાતા હોય છે. આઈ. પી.એમ.ની પરીક્ષા ઓનલાઈન હોય છે અને ઓનલાઈન પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ આપે નિબંધ લેખન અને ઈન્ટરવ્યૂ પાસ કરી સિલેક્ટ થવું પડે છે. બીજા વિકલ્પની વાત કરીએ તો આપ ગ્રેજ્યુએશન બાદ પણ આઈ.આઈ.એમ.માં એડ્મીશન મેળવી શકો છો. તેના માટે આપે સી.એ.ટી.(કેટ) નામક પરીક્ષા આપવાની હોય છે. આ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , તાર્કિક, અંગ્રેજીના વિષયોમાંથી પ્રશ્નો પૂછાતા હોય છે. સામાન્ય જ્ઞાન માટે આપ અત્યારથી જ અંગ્રેજી ન્યુઝ પેપર વાંચવાની શરૂઆત કરી શકો છો. ૧૨૨ પછી આઈ.આઈ.એમ.માં જવાનો એક સારો વિકલ્પ આપની પાસે છે કારણ કે ઘણા બધા વિદ્યાર્થીઓ પાસે આ વિશેની માહિતી ના હોઈ, આ પરીક્ષામાં સ્પર્ધા પ્રમાણ માં ઓછી હોય છે જેથી આપ થોડી વધુ મેહનત કરીને ઉત્તિર્ણ થઈ શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૩. હું બી.એસ.સી માં અભ્યાસ કરું છું.ગુજરાત સરકાર ધ્વારા લેવામાં આવતી જી.પી.એસ.સી ક્લાસ ૧ અને ૨ તથા ગૌણ સેવા ક્લાસ ૩ માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા માં શું તફાવત હોય છે.જાણકારી આપશો.

- વિશાલ નાયક, ગાંધીનગર

સૌપ્રથમ તો તફાવત શૈક્ષણિક લાયકાત નો હોય છે.જી.પી.એસ.સી ધ્વારા લેવામાં આવતી પરીક્ષા જેમ કે ક્લાસ ૧-૨ , પી.આઈ, વગેરે.એ સ્નાતક કક્ષા ના વિધ્યાર્થીઓ આપી શકે છે.એટ્લે કે જે વિધાર્થીઓ એ કોઈ પણ સ્નાતક કક્ષા ની ડિગ્રી મેળવી હોય એ જ અથવા ઘણા કિસ્સામાં જે વિધ્યાર્થીઓ કોલેજ ના છેલ્લા સેમિસ્ટર માં છે એ લોકો પ્રિલિમ પરીક્ષા આપવા લાયક ઠરે છે.જ્યારે ક્લાસ -૩ ની પરીક્ષા મોટા ભાગે ધોરણ ૧૨ પાસ ઉપર લેવામાં માં આવે છે.પણ અમુક કિસ્સા માં ક્લાસ -૩ ના લેવલ ની પરીક્ષા પણ સ્નાતક કક્ષા એ લેવામાં આવે છે જેમ કે ડી.વાય.એસ.ઓ, પી.એસ.આઈ અને હાલમાં જ બહાર પડેલ ટેક્સ ઓફિસર ક્લાસ ૩ની જગ્યાઓ. બીજો તફાવત છે આભાસક્રમ. ક્લાસ ૧-૨ની પરીક્ષામાં અભ્યાસક્રમ ખૂબ મોટો તેમજ બહોળો હોય છે. જેમાં કુલ બે પેપરમાં અલગ અલગ આઠ વિષયો તથા મુદ્દાઓનો સમાવેશ થાય છે. જ્યારે એના પ્રમાણ માં ક્લાસ-૩નો અભ્યાસક્રમ ખૂબ નાનો અને મર્યાદિત હોય છે. ક્લાસ ૧-૨ના અભ્યાસક્રમનું વાંચન આપે ખૂબ સમજી અને વિચારી ને ઊંડાણ પૂર્વક કરવાનું હોય છે. ક્લાસ ૧-૨ ની પરીક્ષા મુખ્યત્વે ૩ પડાવમાં લેવામાં આવે છે. પ્રિલિમ્સ ,લેખિત અને ઈન્ટરવ્યુ જ્યારે ક્લાસ-૩માં મોટા ભાગે બે જ પ્રિલિમ્સ અને ટાઈપિંગ ટેસ્ટનો સમાવેશ થાય છે. ડી. વાય. એસ. ઓ. અને પી. એસ. આઈ. જેવી પરીક્ષામાં પ્રિલિમ્સ અને લિખિત પરીક્ષા નો સમાવેશ થાય છે. આમ આપ કોઈ પણ પરીક્ષા આપવા જઈ રહ્યા હોય તો સૌપ્રથમ એની પરીક્ષા પદ્ધતી અને અભ્યાસક્રમ જાણવો ખૂબ જરૂરી છે. ત્યાર બાદ એ મુજબની તૈયારી કરવાની રહે છે. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : **questions.careercorner@gmail.com**

વોટ્સએપ નંબર : **88492 21653**

ફેસબુક: **www.facebook.com/questions.careercorner**

ગાંધીજી અને ગોખલે

(બીજો મણકો)

ગોખલે ઘોડાગાડી રાખતા. મેં તેમની પાસે ફરિયાદ કરી. હું તેમની મુશ્કેલી નહોતો સમજી શક્યો. 'તમે કાં બધે ટ્રામમાં ન જઈ શકો ? શું એથી નેતા વર્ગની પ્રતિષ્ઠા ઓછી થાય?'

જરા દિલગીર થઈને તેમણે જવાબ આપ્યો: 'તમે પણ મને ન સમજી શક્યા કે ? મને વડી ધારાસભામાંથી જે મળે છે તે હું મારે સારુ નથી વાપરતો. તમારી ટ્રામની મુસાફરીની મને અદેખાઈ આવે છે. પણ મારાથી તેમ નથી થઈ શકતું. તમને જ્યારે મારા જેટલા લોકો ઓળખતા થશે ત્યારે તમારે પણ ટ્રામમાં ફરવું અસાંભવિત નહીં તો મુશ્કેલ થઈ પડવાનું છે. નેતાઓ જે કંઈ કરે છે તે મોજશોખને સારુ કરે છે એમ માનવાનું કશું કારણ નથી. તમારી સાદાઈ મને પસંદ છે. હું બને તેટલી સાદાઈથી રહું છું. પણ તમે જરૂર માનજો કે કેટલુંક ખર્ચ મારા જેવાને સારુ અનિવાર્ય છે.'



આમ મારી એક ફરિયાદ તો બારોબાર રદ થઈ. પણ બીજી ફરિયાદ મારે રજૂ કરવી રહી હતી તેનો સંતોષકારક જવાબ તેઓ ન આપી શક્યા : 'પણ તમે ફરવા પણ પૂરા નથી જતા. એટલે તમે માંદા રહો છો એમાં શી નવાઈ ? શું દેશકાર્યમાં વ્યાયામને સારુ પણ નવરાશ ન મળી શકે ?' મેં કહ્યું.

'મને ક્યે વખતે તમે નવરો જુઓ છો, જ્યારે હું ફરવા જઈ શકું?' જવાબ મળ્યો.

મારા મનમાં ગોખલેને વિશે એવો આદર હતો કે હું તેમને પ્રત્યુત્તર ન આપતો. ઉપરના જવાબથી મને સંતોષ ન થયો, પણ હું ચૂપ રહ્યો. મેં માન્યું ને હજી હું માનું છું કે, ગમે તેવાં કામ છતાં જેમ આપણે ખાવાનો સમય કાઢીએ છીએ તેમ જ વ્યાયામનો કઢવો જોઈએ. તેથી દેશની સેવા વધારે થાય પણ ઓછી નહીં એવો મારો નમ્ર અભિપ્રાય છે.

ગોખલેની છાયા તળે રહી મેં બધો સમય ઘરમાં બેસીને ન ગાળ્યો.

મેં દક્ષિણ આફ્રિકાના મારા ખ્રિસ્તી મિત્રોને કહેલું કે હું હિંદુસ્તાની ખ્રિસ્તીઓને મળીશ, તેમની સ્થિતી જાણીશ. કાલિચરણ બેનરજીનું નામ મેં સાંભળ્યું હતું. તેઓ મહાસભામાં આગળ પડતો ભાગ લેતા, તેથી તેમને વિષે માન હતું. સામાન્ય હિંદી ખ્રિસ્તીઓ મહાસભાથી તેમજ હિંદુ મુસલમાનથી અળગા રહેતા. તેથી તેમને વિષે અવિશ્વાસ હતો, તે કાલિચરણ બેનરજી વિષે નહોતો. મેં તેમને મળવા જવા વિષે ગોખલેને વાત કરી. તેમણે કહ્યું: 'ત્યાં જઈને તમે શું લેશો ? એ બહુ ભલા છે, પણ મને લાગે છે કે તેઓ તમને સંતોષ નહીં આપી શકે. હું તેમને સારી રીતે જાણું છું. છતાં તમારે જવું હોય તો સુખે જજો.'

મેં વખત માગેલો. તેમણે મને તુરંત વખત આપ્યો ને હું ગયો. તેમને ઘેર તેમનાં ધર્મપત્ની મરણ પથારીએ હતાં. તેમનું ઘર સાદું હતું. મહાસભામાં તેમને કોટપાટલૂનમાં જોયેલા. તેમના ઘરમાં તેમને બંગાળી ધોતી ને કુરતામાં જોયા. આ સાદાઈ મને ગમી. તે વખતે જોકે હું તો પારસી કોટાપટલૂનમાં હતો, છતાં મને આ પોશાક ને સાદાઈ બહુ ગમ્યાં. મેં તેમનો વખત ન ગુમાવતા મારી ગૂંચવણો રજૂ કરી.

તેમણે મને પૂછ્યું: ' તમે માનો છો કે આપણે પાપ લઈને જન્મીએ છીએ?'

મેં કહ્યું : 'હા જી.'

'ત્યારે એ મૂળ પાપનું નિવારણ હિંદુ ધર્મમાં નથી ને ખ્રિસ્તી ધર્મમાં છે.' આમ કહીને તેમણે કહ્યું: 'પાપનો બદલો મોત છે. એ મોતમાંથી બચવાનો માર્ગ ઈશુનું શરણ છે એમ બાઈબલ કહે છે.' મેં ભગવદ્ગીતાનો ભક્તિ માર્ગ રજૂ કર્યો, પણ મારું બોલવાનું નિરર્થક હતું. મેં આ ભલા પુરુષનો તેમની ભલમનસાઈને સારુ ઉપકાર માન્યો. મને સંતોષ ન થયો, છતાં આ મુલાકાતથી મને લાભ જ થયો. (ક્રમશઃ)

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર